ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર

૧૨ | શુક્રવાર ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ | આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | વીરપુર | સંતરામપુર

ખેલ મહાકુંભમાં ઘોર બેદરકારી | ટ્રેકની ચકાસણી વિના આયોજન કરાતાં ખેલાડીઓ સુવિધા વિહોણા બન્યાંનો આક્ષેપ

લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં કાંકરા અને પથ્થરવાળા ટ્રેકના લીધે દોડ સ્પર્ધા મોકૂફ

સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છતાં બાસ્કેટબોલ સ્પર્ધા અન્યત્ર યોજાતાં કલેક્ટર કક્ષાએ તપાસની માંગ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૨

લુણાવાડા ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર દોડ સ્પર્ધા માટે તૈયાર કરાયેલા ટ્રેક પર કાંકરા અને પથ્થરો હોવાથી ખેલાડીઓની સુરક્ષા જોખમમાં મુકાઈ હતી, જેના કારણે સ્પર્ધા હાલ પૂરતી મોકૂફ રાખવાની ફરજ પડી છે. રમતગમત જેવા સંવેદનશીલ આયોજનમાં ટ્રેકની પ્રાથમિક ચકાસણી વિના જ સ્પર્ધા યોજવામાં આવી હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

આ સમગ્ર મામલે ઘટનાસ્થળે પહોંચેલા જિલ્લા રમતગમત અધિકારી હર્ષાબેને સ્થિતિનું નિરીક્ષણ કરી માર્ગદર્શન આપ્યું હતું. તંત્ર દ્વારા દોડ સ્પર્ધા માટે નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવાની વાત કરાઈ છે, પરંતુ આટલી મોટી ગંભીર બેદરકારી બદલ કોની જવાબદારી નક્કી થશે તે અંગે વહીવટી તંત્રએ કોઈ સ્પષ્ટતા કરી નથી.

બીજી તરફ, સ્પર્ધકો માટેની મૂળભૂત સુવિધાઓનો ભારે અભાવ જોવા મળ્યો હતો. સમગ્ર જિલ્લામાંથી આવેલા બાળ અને યુવા ખેલાડીઓ માટે સ્થળ પર નાસ્તા કે પોષણની કોઈ વ્યવસ્થા ન હોવાના અને માત્ર પાણી પૂરું પડાયા હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. સરકાર ખેલ મહાકુંભ માટે મોટું બજેટ ફાળવતી હોવા છતાં ખેલાડીઓ ભૂખ્યા પેટે રહે તેવા દ્રશ્યો સામે આવતાં નાણાંના વાસ્તવિક વપરાશ અંગે સવાલો ઊભા થયા છે.

તંત્ર સામે ઊઠેલા મુખ્ય સવાલો

ટ્રેકની નિરીક્ષણ વગર મંજૂરી કેમ?: સ્પર્ધા શરૂ થાય તે પહેલાં જવાબદાર અધિકારીઓએ દોડના ટ્રેકનું નિરીક્ષણ કેમ ન કર્યું ?

સરકારી બજેટનો વપરાશ ક્યાં?: ખેલાડીઓ માટે જરૂરી નાસ્તો અને પોષણ જેવી મૂળભૂત વ્યવસ્થાઓ કરવા માટે ફાળવાયેલું બજેટ ક્યાં વપરાયું ?

સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની અવગણના કેમ?: જિલ્લાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હોવા છતાં બાસ્કેટબોલ સ્પર્ધા બાલાસિનોર ખસેડવા પાછળનું કારણ શું?

કપડવંજના ઘડિયા ગામમાં શ્રીવહાણવટી માતાજીના મંદિરે ગરબાનો ડુંગર આકર્ષણનું કેન્દ્ર બન્યો





કપડવંજ તાલુકાના ઘડિયા ગામમાં આવેલા શ્રી વહાણવટી માતાજીના મંદિરે ભક્તો દ્વારા માનતા પૂરી થતાં માટીના ગરબા ચઢાવવાની અનોખી પરંપરા છે. ભક્તો દ્વારા વર્ષોથી અર્પણ કરવામાં આવતા નાના ઘડુલિયાઓને કારણે અહીં ગરબાનો વિશાળ ડુંગર ઊભો થયો છે. મંદિર ખાતે આખા વર્ષ દરમિયાન અંદાજે ૬૦થી ૭૦ હજાર અને નવરાત્રી પર્વમાં લાખોની સંખ્યામાં ગરબા અર્પણ કરાય છે. આ અસંખ્ય માટીના ગરબા ભક્તોની માતાજી પ્રત્યેની અતૂટ આસ્થા, વિશ્વાસ અને પૂર્ણ થયેલી માનતાઓનું પ્રતીક છે. **તસવીર : હરિશ જોષી**

તારાપુરના હાઈવે પર કારની ટક્કરે વૃદ્ધનું મોત

અકસ્માત બાદ કાર ચાલક પોલીસ મથકે હાજર થયો

(પ્રતિનિધિ) તારાપુર તા.૨૨

તારાપુરના ધર્મજ હાઈવે પર આવેલી ન્યૂ ગંગોત્રી (ગજાનંદ) હોટલ સામેના સર્વિસ રોડ પર મંગળવારે વહેલી સવારે એક બેફામ કાર ચાલકે વૃદ્ધને અડફેટે લેતાં મોત નિપજ્યું હતું.

તારાપુરની ઈન્દિરા કોલોનીમાં રહેતા અને ખંભાત એસ.ટી. ડેપોમાં મિકેનિક હેલ્પર તરીકે નોકરી કરતા અર્જુનભાઈ પરમારના ૬૩ વર્ષીય પિતા કાંતીભાઈ બાબરભાઈ પરમાર મંગળવારે સવારે આશરે પોણા છ વાગ્યાના સુમારે બહાર નીકળ્યા હતા. સવારે સાતેક વાગ્યે પરિવારજનોને જાણ થઈ હતી કે સર્વિસ રોડ પર કોઈ કાર ચાલકે કાંતીભાઈને ટક્કર મારી છે. પરિવારજનો સ્થળ પર પહોંચ્યા ત્યારે કાંતીભાઈ ગંભીર હાલતમાં લોહીલુહાણ પડેલા મળ્યા હતા. આથી, ઈજાગ્રસ્ત કાંતીભાઈને તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

જોકે, મૃતકના પુત્ર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા પહોંચ્યા ત્યારે અકસ્માત સર્જનાર કારનો ચાલક વિશાલ રાઘવભાઈ ભરવાડ (રહે. તારાપુર) પોતાની કાર સાથે પોલીસ મથકે હાજર હતો. પૂછપરછ દરમિયાન તેણે પેટલાદથી તારાપુર આવતી વખતે અકસ્માત સર્જાયો હોવાની કબૂલાત કરી હતી. આ ઘટના અંગે તારાપુર પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલિકાની સામાન્ય સભામાં કરવેરા વધારા સહિતના તમામ કામો સર્વાનુમતે મંજૂર

કપડવંજ નગરપાલિકા દ્વારા ગટર, સફાઈ, લાઈટવેરામાં વધારો કરાયો

તળાવનું બ્યુટીફિકેશન અને કવિ રાજેન્દ્ર શાહની પ્રતિમા મુકાશે

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૨

કપડવંજ નગર સેવા સદનની ખાસ સામાન્ય સભા પાલિકા સભાખંડમાં પાલિકા પ્રમુખ સેજલ એ. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં ચીફ ઓફિસર મેહુલ પરમાર, ઉપપ્રમુખ સ્નેહા ઓઝા અને ૨૭ સદસ્યોની ઉપસ્થિતિમાં એજન્ડા પરના તમામ વિકાસલક્ષી અને વહીવટી કામોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

કપડવંજ નગરપાલિકા દ્વારા ગટરવેરો, સફાઈવેરો અને લાઈટવેરો વધારવાની બાબત સર્વાનુમતે મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત, પાલિકાના વર્ષ ૨૦૨૫/૨૬ ના વાર્ષિક હિસાબો તથા તા. ૦૧/૦૪/૨૦૨૬ થી ૩૦/૦૯/૨૦૨૬ સુધીના હિસાબો મંજૂર કરાયા હતા. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬/૨૭ ની ગ્રાન્ટના કામો તેમજ રોડ રીસરફેસિંગનું આયોજન હાથ ધરાશે.

આ ઉપરાંત રીલીફ, ન્યુ જે.બી., કુબેરજી મહાદેવ અને એમ.પી. હાઈસ્કૂલ શોપિંગ સેન્ટરોમાં SC/ST તથા વિકલાંગો માટે અનામત રાખેલી દુકાનોમાં સતત ત્રણ હરાજીમાં કોઈ દાવેદાર ન આવતા, આ દુકાનોને જનરલ કેટેગરીમાં ફેરવવાનો નિર્ણય લેવાયો છે.

તેવી જ રીતે એમ.પી. હાઈસ્કૂલ પાસેના તળાવનું બ્યુટીફિકેશન કરવામાં આવશે. પાલિકા સંચાલિત ટાઉનહોલ, નેતાજી સુભાષચંદ્ર બોઝ માર્કેટનો પ્રથમ માળ, ઢોર ડબ્બાવાળી તથા ડૉ. ઉમેશભાઈવાળી મિલકત અને પ્રમુખશ્રીની ઓફિસનું રીનોવેશન કરાશે. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ રાજેન્દ્રભાઈ શાહની પ્રતિમા મૂકવા માટે જગ્યા નક્કી કરવામાં આવશે. ફાયર સ્ટેશન ખાતે ૧૫ વર્ષ જૂના વોટર બ્રાઉઝર અને મીની ફાયર બંધ હાલતમાં હોવાથી નવા વાહનો ખરીદવા સરકારમાં દરખાસ્ત કરાશે. આ સિવાય, બાલમંદિરના કર્મચારીઓનો પગાર વધારવા અને આઉટસોર્સિંગથી કર્મચારીઓ લેવાની બાબતોને પણ મંજૂરી અપાઈ છે.

હરિયાળા ગામમાં રાંધણ ગેસ રિ-ફિલિંગનું કૌભાંડ પકડાયું

સરકારી બોટલોમાંથી જોખમી રીતે ગેસ ચોરી કરી કાળાબજારી કરાતી હતી

(પ્રતિનિધિ) ખેડા તા.૨૨

ખેડા જિલ્લાના હરિયાળા ગામના ઝલેબીયા પુરા ખાતે સીઆઈડીની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ગેરકાયદેસર ચાલતા ગેસ રીફિલિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. કોઈપણ પ્રકારના સુરક્ષા સાધનો વગર જોખમી રીતે મોટર અને પાઇપ વડે ગેસ ચોરી કરી કાળાબજારી કરતા બે શખસને પકડી તેમની સામે કાર્યવાહી હાથ ધી છે.

ખેડાના હરિયાળા ગામમાં રહેતો છેલા ભરવાડ ગેરકાયદે ગેસ રીફિલિંગનું કૌભાંડ ચલાવે છે તેવી બાતમીના આધારે સીઆઈડીની ટીમે રેડ પાડીને છેલા ભરવાડ અને વિષ્ણુ પરાગ પરમારને ઝડપી પાડ્યા હતા. આ દરોડામાં છેલા ભરવાડ એક ગેસ એજન્સીમાં કોન્ટ્રાક્ટર તરીકે અને વિષ્ણુ ડિલિવરીમેન તરીકે કામ કરતો હતો. તેઓ ભારત ગેસની સરકારી બોટલોમાંથી મોટર અને પાઇપની મદદથી અન્ય ખાલી બાટલામાં ગેસ ભરી, વજન કરી તેના પર કંપનીના પ્લાસ્ટિકના સીલ મારીને છૂટકમાં ઓછા ભાવે વેચાણ કરતા હતા.

આથી, પોલીસે ઘટનાસ્થળેથી 84 નાના-મોટા ગેસના બાટલા (ભરેલા અને ખાલી), એક ટેમ્પો, ઈલેક્ટ્રિક મોટર અને વજનકાંટો સહિત કુલ રૂ. 6.61 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કેલિફોર્નિયાના IMSS એડવાઇઝરી બોર્ડમાં નરેન્દ્ર પાઠકની પુન:નિયુક્તિ કરાઇ

આણંદ | કરમસદના વતની નરેન્દ્ર પાઠકની સાન્ટા ક્લેરા કાઉન્ટી બોર્ડ ઓફ સુપરવાઇઝર્સ દ્વારા 'પબ્લિક ઓથોરિટી ફોર ઇન હોમ સપોર્ટિવ સર્વિસીસ એડવાઇઝરી બોર્ડ' માં પુન:નિયુક્તિ કરવામાં આવી છે. બોર્ડ ઓફ સુપરવાઇઝર્સ દ્વારા સર્વસંમતિથી આ નિમણૂકની પુષ્ટિ કરાયા બાદ સાન્ટા ક્લેરા કાઉન્ટી ખાતે તેમની સોગંદવિધિ વિધિવત રીતે સંપન્ન થઈ હતી. અર્થશાસ્ત્ર અને કાયદાના નિષ્ણાત નરેન્દ્ર પાઠક કેલિફોર્નિયામાં જરૂરિયાતમંદો, વરિષ્ઠ નાગરિકો તેમજ દિવ્યાંગો માટેની પુનર્વસન સેવાઓ અને સરકારી નીતિઓ પર સલાહ આપશે. તેઓ અમેરિકામાં વિવિધ સામાજિક, માનવ અધિકાર અને ભારતીય-ગુજરાતી સમુદાયની સંસ્થાઓ સાથે જોડાઈને સેવાઓ આપી રહ્યા છે.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં જેન્ડર સેન્સિટાઇઝેશન અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આણંદ | વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાં જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી બે દિવસીય જેન્ડર સેન્સિટાઇઝેશન અને PoSH જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ માટે યોજાયેલા સત્રમાં નિષ્ણાતો દ્વારા સમાન તકો, મહિલા સશક્તિકરણ અને 'અભયમ 181' હેલ્પલાઇનની સેવાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બીજા દિવસે અધ્યાપકો અને કર્મચારીઓ માટે કાનૂની જોગવાઈઓ, સંસ્થાકીય જવાબદારીઓ તથા મનોવૈજ્ઞાનિક પાસાંઓ પર તજજ્ઞો દ્વારા વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજ કોલેજ ખાતે ૧૦ દિવસીય સંસ્કૃત સંભાષણ શિબિર સંપન્ન થઇ

કપડવંજ | કપડવંજની શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ અને સંસ્કૃત ભારતી (ખેડા જિલ્લા) ના સંયુક્ત ઉપક્રમે ૧૦ દિવસીય બે સંસ્કૃત સંભાષણ શિબિરોનું આયોજન કરાયું હતું. આ શિબિરમાં કોલેજના પ્રથમ વર્ષના ૪૦ વિદ્યાર્થીઓ, એક અધ્યાપક અને એક શિક્ષિકા બહેને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાપન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં પોતાનો પરિચય, નાટક, ગીતો અને પરસ્પર સંભાષણની સુંદર રજૂઆત કરી હતી. પ્રસંગે મંત્રી અનંત શાહ અને આચાર્ય ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી સંસ્કૃત સંભાષણનું મહત્વ સમજાવ્યું હતું.

કપડવંજની સી.એન. વિદ્યાલયમાં ભવ્ય ગરબા મહોત્સવની ઉજવણી કરાઇ

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સી.એન. વિદ્યાલયમાં આદ્યશક્તિ અંબાની આરતી સાથે ગરબા મહોત્સવનો પ્રારંભ થયો હતો. પરંપરાગત પોશાકમાં સજ્જ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ એ એકસાથે ગરબાની રમઝટ માણી શાળાના પટાંગણને ગુંજવી મૂક્યું હતું. આચાર્ય જે.જી. પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના તમામ કર્મચારીઓએ પોતાની ફરજ નિભાવી સમગ્ર તહેવાર નિર્વિઘ્ન ઉજવ્યો હતો. ઉત્તમ ગરબા અને ટ્રેડિશનલ ડ્રેસિંગ માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો આપી નવાજવામાં આવ્યા હતા.

કપડવંજની શ્રીનાથજી પાર્ક સોસાયટીમાં બાળકો દ્વારા બનાવાયેલ 'ગબ્બર' આકર્ષણનું કેન્દ્ર રહ્યાં

કપડવંજ | કપડવંજના કરસનપુરા સ્થિત શ્રીનાથજી પાર્ક સોસાયટીમાં છેલ્લા ૧૫ વર્ષથી નવરાત્રી મહોત્સવ રહીશો દ્વારા ભારે ઉમંગ અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી રહ્યો છે. સોસાયટીના પ્રમુખ ચંદ્રકાંતભાઈ સોની અને ઉપપ્રમુખ જગદીશભાઈ ચૌહાણના જણાવ્યા અનુસાર, અહીં દરરોજ આદ્યશક્તિ મા અંબેની આરતી, સ્તુતિ અને આરાધના ખૂબ જ વ્યવસ્થિત રીતે થાય છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર સાદગીપૂર્ણ અને સંગઠિત રીતે યોજાતા આ મહોત્સવમાં માતાઓ, કન્યાઓ અને ભાઈઓ વિશાળ સંખ્યામાં રાસ-ગરબાની રમઝટ બોલાવે છે.

ચારુસેટમાં મોલેક્યુલર બાયોલોજી અને સેલ કલ્ચર વિષય પર તાલીમ કાર્યક્રમ યોજાયો

આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીની રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી (આરપીસીપી) અને ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન (જીએસબીટીએમ) ના સંયુક્ત ઉપક્રમે 'ટ્રાન્સલેશનલ ટેકનીક્સ ઇન સેલ કલ્ચર એન્ડ મોલેક્યુલર બાયોલોજી: ઇન્ટેન્સિવ વન-વીક ટ્રેનીંગ' વિષય પર એક સપ્તાહનો તાલીમ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નિષ્ણાતો ડો. લિન્જ બોય જ્યોર્જ, ડો. અનુપમા મોદી, ડો. અંકિત રાય અને ડો. ચિન્મય પાત્રા દ્વારા સેલ કલ્ચર, કેન્સર રિસર્ચ, સાયટોટોક્સિસિટી એસેસમેન્ટ અને રિજનરેટિવ બાયોલોજીની અદ્યતન ટેકનીકો અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ખાનપુરના મલેકપુરમાં દશેરા પર્વે ટ્રેક્ટરમાં રાવણનો ભવ્ય વરઘોડો નીકળ્યો

ખાનપુર | ખાનપુરના મલેકપુર ગામમાં દશેરાના પવિત્ર પર્વે નવયુવક મંડળ અને ગ્રામજનોના સહયોગથી પરંપરાગત રીતે રાવણ દહનના અનોખા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. માતાજીના ચોક, બ્રાહ્મણ ફળિયા અને મુખ્ય બજારમાંથી વિવિધ વેશભૂષા સાથે ટ્રેક્ટરમાં રાવણનો ભવ્ય વરઘોડો નીકળતા ગ્રામજનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ગામના મુખ્ય માર્ગો પરથી વરઘોડો પસાર થયા બાદ પરંપરાગત રીતે મલેકપુર હાઇસ્કૂલના મેદાન ખાતે રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને શ્રદ્ધા તથા એકતાના વાતાવરણમાં ઉત્સવની ઉજવણી કરી હતી.

આણંદ કૃષિ યુનિ.ના જબુગામના વિદ્યાર્થી સોહિલ રાવલિયાને રાષ્ટ્રીય કક્ષાએ 'બેસ્ટ પોસ્ટર એવોર્ડ'

આણંદ | નવી દિલ્હી ખાતે યોજાયેલા ૧૦મા રાષ્ટ્રીય અધિવેશનમાં જબુગામ કૃષિ મહાવિદ્યાલયના બી.એસસી. એગ્રીકલ્ચરના વિદ્યાર્થી સોહિલ રાવલિયાએ તૃતીય ક્રમ મેળવી 'બેસ્ટ પોસ્ટર એવોર્ડ' પ્રાપ્ત કર્યો છે. આ કાર્યક્રમમાં તેમણે ખેડૂતો, યુવાનો અને ગ્રાહકો માટે સમાવેશી કૃષિ વિકાસ પર આધારિત પોસ્ટર રજૂ કર્યું હતું. તેમના પોસ્ટરની નવીન વિષયવસ્તુ અને વ્યવહારુ અભિગમને નિષ્ણાતોની પેનલ દ્વારા ખૂબ બિરદાવવામાં આવ્યા હતા. આ સિદ્ધિ બદલ મહાવિદ્યાલયના આચાર્ય ડો. જે. બી. પટેલ અને સ્ટાફે વિદ્યાર્થીને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

ખાનપુર અને ભાદરોડ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પરંપરાગત ગરબા યોજાયાં

ખાનપુર | ખાનપુર, ભાદરોડ અને આસપાસના વિવિધ ગામોમાં પાવન પર્વ નવરાત્રિ નિમિત્તે માતાજીના મંદિરો તથા ગરબાના સ્થળોએ ભક્તિ અને આસ્થાનો અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શ્રદ્ધાળુઓ નવરાત્રિ દરમિયાન માતાજીની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી રહ્યા છે અને વાતાવરણ ભક્તિમય બની ગયું છે. રાત્રિના સમયે રંગબેરંગી પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ યુવાનો, મહિલાઓ અને બાળાઓ ઉત્સાહભેર રાસ-ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. ગ્રામીણ સંસ્કૃતિને જીવંત રાખતા આ પર્વમાં સમગ્ર પંથકના લોકો આસ્થા, એકતા અને ઉમંગ સાથે જોડાયા છે.

ખંભાતના નાના કલોદરાની ચંચલ દીપ વિદ્યાવિહારમાં 'ગાણિતિક નવરાત્રી'ની અનોખી ઉજવણી કરાઇ

ખંભાત | તાલુકાના નાના કલોદરા ગામની ચંચલ દીપ વિદ્યાવિહાર હાઇસ્કુલમાં ગણિત વિષયને રસપ્રદ બનાવવાના હેતુથી 'ગણિતની થીમ પર નવરાત્રી' મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં બાલમંદિરથી ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ પરંપરાગત વર્તુળને બદલે ત્રિકોણ, ચોરસ, લંબચોરસ અને પંચકોણ જેવા ભૌમિતિક આકારો રચીને ગરબાની રમઝટ બોલાવી હતી. વિદ્યાર્થીઓએ રમત-રમતમાં ગણિતનું પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું, જેનાથી શિક્ષણ અને સંસ્કૃતિના આ સુંદર સંગમને કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે 'માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ' પર વ્યાખ્યાન યોજાયું

આણંદ | શહેરની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે જ્ઞાનાત્મક ધારા હેઠળ 'પ્રાથમિક શિક્ષણનું માધ્યમ: માતૃભાષા' અંતર્ગત અતિથિ વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરના એસોસિયેટ પ્રોફેસર ડો. જયેન્દ્ર પટેલે વક્તા તરીકે ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને માતૃભાષામાં શિક્ષણના મહત્વ, લાભો અને તેની આવશ્યકતા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના ચેરમેનશ્રી વોલેસ ક્રિશ્ચિયન તથા કેમ્પસ ડાયરેક્ટર અને આચાર્યશ્રી જતીન પઢિયારના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું. આ વ્યાખ્યાનનું સફળ સંચાલન અધ્યાપિકા ડો. સંગીત પટેલ તથા કોલેજના સર્વ અધ્યાપક ગણના સહયોગથી કરવામાં આવ્યું હતું.